**CC NO. 6017 /2022**

<u>આંક–૫/બી.</u>

## <u>–:: જજમેન્ટ ::–</u>

(૧) ફરીયાદી પક્ષના કેસની ટુંકામાં હકિકત એ પ્રમાણેની છે કે, આ કામના આરોપીએ ફરીયાદમાં જણાવ્યા મુજબનો ગુન્હો કરેલ હોઈ તેની સામે જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આ કામના આરોપી આજરોજ કોર્ટમાં હાજર થઈ ગુન્હાની સ્વૈચ્છીક કબુલાત કરવા તૈયારી દર્શાવેલ છે જેથી આરોપીએ આ પ્રકારનો ગુન્હો જો કબુલ કરશે તો તેમાં કાયદામાં જે સજા દર્શાવામાં આવેલ છે તે પ્રકારની સજા આરોપીને થઈ શકે છે. તેવી સ્પષ્ટ સમજ આરોપીને કરવામાં આવેલ છે. સજાના કે દંડના બારામાં આરોપીને કોઈ જ પ્રકારનો પ્રલોભન આપવામાં આવેલ નથી. આમ છતાં પણ આરોપીએ જે કાંઈપણ સજા થાશે તે ભોગવવા તૈયાર છે. તેમ જણાવી ગુન્હો કબુલ કરવા તૈયારી દર્શાવેલ છે અને તે મતલબની આંક–૦૩ થી પુરસીસ આજરોજ આપેલ છે.

(૩) જેથી આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યાની ખાતરી કર્યા બાદ તેમને આંક–૦૪ થી પ્લી નોંધવામાં આવી જેમાં પણ આરોપી જણાવે છે કે મને ગુન્હો કબુલ છે.

(૪) આરોપીએ એવી ભારપૂર્વક રજુઆત કરેલ છે કે તેઓ ગરીબ વર્ગના માણસ છે. કુટુંબ કલીબાવાળા માણસ છે. આરોપીના ઘરમાં કમાવનાર એક જ પુરૂષ વ્યકિત છે. આખા કુટુંબની જવાબદારી એક માત્ર તેના ઉપર છે. ઉંમર લાયક છે તેથી સજા કરતી વખતે દયા કરવા આજરોજ અરજ ગુજારે છે.

(૫) ઉપરોકત તમામ હકિકતોને ઘ્યાને લઈએ તો એ વાત નિર્વિવાદ છે કે, આરોપીને જો જેલની સજા કરવામાં આવે તો અને તે જેલમાં જાય તો તેની સામાજીક અને આર્થિક હાલત ઉપર ગંભીર અસર પહોંચી શકે અને ભરપાઈ ન થાય તેવું નુકશાન આરોપી પર તેમજ તેના કુટુંબ પર થઈ શકે તેમ જણાય છે. તે રીતે વઘુ દંડ કરવામાં આવશે તો તેની માઠી અસર આરોપીની આર્થિક હાલત પર તથા કુટુંબની આજીવીકા પર પડવા સંભવ છે. આ ઉપરાંત આરોપી કયારેય આવા ગુનામાં સંડોવાયેલ નથી તે ઘ્યાનમાં રાખતા આરોપીને સંજોગો અને તેની ગુના અંગેની કબુલાત ઘ્યાને લઈ આ કામના આરોપીની મહતમ સજા કરતા ઓછી સજા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેમ હું માનું છું. સબબ નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

## <u>–:: હુકમ ::–</u>

આરોપીને ક્રિ.પ્રો.કો.ની કલમ–૨૫૨ મુજબની જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ આરોપીને રૂા.૧૦૦/– (સો પુરા) દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે તેમજ દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે

આજરોજ તારીખ– ૧૭ – મી, ડીસેમ્બર – સને–૨૦૨૨ ના રોજ જાહેર કર્યો.

સ્થળ :– ગાંધીધામ–કચ્છ.
તારીખ :– ૧૭/૧૨/૨૦૨૨.

સહી/–
(પી.પી.જાડેજા)
ત્રીજા એડી. ચીફ જયુ. મેજી.
ગાંધીધામ–કચ્છ.